# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 28-09-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર નિકીતા શાહ વાંચે છે.

***************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, દેશ ફક્ત સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહન આપીને જ આત્મનિર્ભર બની શકશે.

2) ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે આવતા વર્ષે 31 માર્ચ સુધીમાં દેશમાંથી ડાબેરી ઉગ્રવાદ સંપૂર્ણપણે નાબૂદ થઈ જશે.

3) ચૂંટણી પંચે બિહાર વિધાનસભા ચૂંટણી અને વિવિધ રાજ્યોની વિધાનસભા પેટાચૂંટણીઓ માટે કેન્દ્રીય નિરીક્ષકોની નિમણૂકની જાહેરાત કરી

4) તમિલનાડુ સરકારે કરૂરમાં રાજકીય રેલીમાં થયેલી ભાગદોડની તપાસ માટે પૂર્વ ન્યાયાધીશના નેતૃત્વમાં તપાસ પંચ રચ્યું

**5)** એશિયા કપ ટી-20 ફાઈનલમાં આજે ભારત-પાકિસ્તાન વચ્ચે મુકાબલો.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું  દેશ ફક્ત સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહન આપીને જ આત્મનિર્ભર બની શકે છે

મન કી બાત કાર્યક્રમમાં પોતાના વિચારો રજૂ કરતા , પ્રધાનમંત્રીએ લોકોને આગામી તહેવારો સ્વદેશી ઉત્પાદનો સાથે ઉજવવા અને "વોકલ ફોર લોકલ" ને તેમનો મંત્ર બનાવવા વિનંતી કરી. તેમણે લોકોને દેશમાં ઉત્પાદિત ઉત્પાદનો ખરીદવા માટે પ્રતિજ્ઞા લેવા હાકલ કરી.

[બાઈટ -MKB-KHADI]

પ્રધાનમંત્રીએ સંતોષ વ્યક્ત કર્યો કે હાથવણાટ અને હસ્તકલા ક્ષેત્રમાં નોંધપાત્ર ફેરફારો થઈ રહ્યા છે. પરંપરા અને નવીનતાને જોડવાથી નોંધપાત્ર પરિણામો મળી શકે છે

શ્રી મોદીએ ભારતીય નૌકાદળના બે બહાદુર અધિકારીઓની સિદ્ધિ પર પ્રકાશ પાડ્યો જેમણે નાવિકા સાગર પરિક્રમા દરમિયાન દરિયામાં આઠ મહિના વિતાવ્યા. લેફ્ટનન્ટ કમાન્ડર દિલના અને લેફ્ટનન્ટ કમાન્ડર રૂપા સેઇલબોટમાં સમુદ્ર સુધી પહોંચનારા પ્રથમ ભારતીય , પ્રથમ એશિયન અને વિશ્વના પ્રથમ વ્યક્તિ બન્યા. પ્રધાનમંત્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે તેમની મહેનત , સફળતા અને સિદ્ધિઓ દેશના યુવાનો, ખાસ કરીને છોકરીઓને પ્રેરણા આપશે.

મોદીએ આસામી ગાયિકા ઝુબીન ગર્ગના અકાળ અવસાન પર પણ શોક વ્યક્ત કર્યો,

શ્રી મોદીએ આગામી તહેવારો  માટે  ખાસ કરીને દિવાળીની શુભેચ્છાઓ પાઠવી.

. . . . . . .

# PM-DELHI BJP OFFICE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે નવી દિલ્હીમાં દીનદયાળ ઉપાધ્યાય માર્ગ પર ભાજપના પ્રદેશ કાર્યાલયનું ઉદ્ઘાટન કરશે. દિલ્હી પ્રદેશ પ્રમુખ વીરેન્દ્ર સચદેવાએ આ ઉદ્ઘાટનને દિલ્હીમાં પક્ષના સફરની એક ઐતિહાસિક ક્ષણ ગણાવી.

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે .પી.નડ્ડા, દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તા , વરિષ્ઠ નેતાઓ , સાંસદો, ધારાસભ્યો, કાઉન્સિલરો, કેન્દ્રીય મંત્રીઓ અને હજારો પાર્ટી કાર્યકરો પણ ઉદ્ઘાટન સમારોહમાં હાજર રહેશે.

. . . . .

# HM-NAXAL-MUKT

ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે આવતા વર્ષે 31 માર્ચ સુધીમાં દેશમાંથી ડાબેરી ઉગ્રવાદ સંપૂર્ણપણે નાબૂદ થઈ જશે.

આજે નવી દિલ્હીમાં નક્સલ મુક્ત ભારત અભિયાનના સમાપન સત્રમાં બોલતા તેમણે કહ્યું કે જ્યારે 2014 માં નરેન્દ્ર મોદી સરકાર સત્તામાં આવી ત્યારે - જમ્મુ અને કાશ્મીર, ઉત્તરપૂર્વ અને ડાબેરી ઉગ્રવાદ કોરિડોર - માં હિંસક ઘટનાઓ રાષ્ટ્રીય સુરક્ષાને ગંભીર અસર કરી રહી હતી. શ્રી અમિત શાહે કહ્યું કે સરકારે આ પડકારોનો સામનો કરવા માટે લાંબા ગાળાની વ્યૂહરચના અપનાવી છે. પૂર્વોત્તરમાં, 2004 થી 2014 ના દાયકાની તુલનામાં 2014 થી 2024 દરમિયાન શહીદ થયેલા સુરક્ષા કર્મચારીઓની સંખ્યામાં 70 ટકાનો ઘટાડો થયો છે

. . . . .

# EC-CENTRAL OBSERVERS

ચૂંટણી પંચે બિહાર વિધાનસભા ચૂંટણી અને વિવિધ રાજ્યોના આઠ વિધાનસભા મતવિસ્તારોમાં પેટાચૂંટણીઓ માટે કેન્દ્રીય નિરીક્ષકોની નિમણૂકની જાહેરાત કરી છે. આમાં જનરલ, પોલીસ અને ખર્ચ નિરીક્ષકોનો સમાવેશ થશે.

મુક્ત, ન્યાયી અને પારદર્શક ચૂંટણી સુનિશ્ચિત કરવા માટે ૩૨૦ IAS અને ૬૦ IPS અધિકારીઓ સહિત કુલ ૪૭૦ અધિકારીઓને કેન્દ્રીય નિરીક્ષકો તરીકે તૈનાત કરવામાં આવશે. તેઓ દરેક મતવિસ્તારમાં ચૂંટણી પ્રક્રિયાનું નિરીક્ષણ કરશે , સુધારા માટેના ક્ષેત્રો ઓળખશે અને ભલામણો કરશે.

ચૂંટણી પંચે જણાવ્યું હતું કે નિરીક્ષકો માત્ર મુક્ત , ન્યાયી, પારદર્શક અને સમાવિષ્ટ ચૂંટણીઓ યોજવાની તેની બંધારણીય જવાબદારી પૂર્ણ કરવામાં પંચને મદદ કરશે નહીં, પરંતુ મતદાતા જાગૃતિ અને ભાગીદારી વધારવામાં પણ ફાળો આપશે.

ઉલેખનીય છે કે જમ્મુ અને કાશ્મીરમાં બડગામ અને નાગરોટા મતવિસ્તાર , રાજસ્થાનમાં અંતા મતવિસ્તાર , ઝારખંડમાં ઘાટશિલા મતવિસ્તાર , તેલંગાણામાં જુબિલી હિલ્સ મતવિસ્તાર , પંજાબમાં તરનતારન મતવિસ્તાર , મિઝોરમમાં ડંપા મતવિસ્તાર અને ઓડિશામાં નુઆપાડા મતવિસ્તાર માટે પેટાચૂંટણીઓ યોજવાની છે.

. . . . . .

# GST

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ GST બચત મહોત્સવની જાહેરાત કર્યા બાદ 22 સપ્ટેમ્બરથી શરૂ થયેલા આ મહોત્સવથી સમાજના તમામ વર્ગોને ફાયદો થઈ રહ્યો છે. GST સુધારા ભારતની પરોક્ષ કર પ્રણાલીને સરળ બનાવવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે. આ સુધારાઓએ માલ અને સેવાઓ પરના કર ઘટાડ્યા છે , જેનાથી લોકોને ફાયદો થયો છે.

પ્રસ્તુત છે એક અહેવાલ...........

**(વોઈસ કાસ્ટ – અમન)**

. . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . .

# EVE KARUR STAMPEDE

તમિલનાડુ સરકારે કરુરમાં ટીવીકે દ્વારા આયોજિત રાજકીય રેલીમાં થયેલી ભાગદોડની તપાસ માટે **ભૂતપૂર્વ વડી અદાલતના ન્યાયાધીશ** અરુણા જગદીસનના નેતૃત્વમાં એક સભ્યનું તપાસ પંચ રચ્યું છે , આ ઘટના ગઈકાલે અભિનેતામાંથી રાજકારણી બનેલા અને ટીવીકેના સ્થાપક વિજયના સ્વાગત માટે એક વિશાળ મેળાવડા દરમિયાન બની હતી. આ ઘટનામાં મૃત્યુઆંક 40 થયો છે. અકસ્માતમાં ઘાયલ થયેલા ૮૧ લોકો સારવાર હેઠળ છે , જેમાંથી બેની હાલત ગંભીર છે. મૃતકોની ઓળખ પૂર્ણ થઈ ગઈ છે , અને મૃતદેહો તેમના પરિવારોને સોંપવામાં આવ્યા છે.

વિવિધ રાજકીય નેતાઓએ આ દુર્ઘટના પર શોક વ્યક્ત કર્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અકસ્માતમાં માર્યા ગયેલા લોકોના પરિવારજનોને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી બે લાખ રૂપિયાની સહાયની જાહેરાત કરી છે. ઘાયલોને પચાસ હજાર રૂપિયાની સહાય કરાશે

દરમિયાન, નાયબ મુખ્યમંત્રી ઉદયનિધિ અને વિપક્ષના નેતા ઇ. પલાનીસ્વામીએ આજે હોસ્પિટલની મુલાકાત લીધી. શ્રી પલાનીસ્વામીએ સરકાર પર પૂરતી સુરક્ષા વ્યવસ્થા ન કરવાનો આરોપ લગાવ્યો.

રાજ્યના પોલીસ મહાનિર્દેશક જી. વેંકટરામને જણાવ્યું કે ટીવીકે પાર્ટીના મહાસચિવ એન. આનંદ અને અન્ય ચાર લોકો સામે કેસ દાખલ કરવામાં આવ્યો છે.

ભારતીય જનતા પાર્ટીના રાજ્ય પ્રમુખ અને ધારાસભ્ય નૈનાર નાગેન્દ્રને સુપ્રીમ કોર્ટની સીટિંગ બેન્ચ પાસે ઘટનાની તપાસ કરાવવાની માંગ કરી છે.

દરમિયાન, અભિનેતા અને ટીવીકે પાર્ટીના સ્થાપક વિજયે મૃતકોના પરિવારજનોને 20 લાખ રૂપિયાનું વળતર આપવાની અને ઘાયલોનો તબીબી ખર્ચ ઉઠાવવાની જાહેરાત કરી છે. ટીવીકેએ મદ્રાસ હાઈકોર્ટની મદુરાઈ બેન્ચને કરુર ભાગદોડ કેસની સુઓમોટો નોંધ લેવા વિનંતી કરી છે. જોકે, જસ્ટિસ ધંડાપાણીએ પક્ષને કોર્ટમાં ઔપચારિક અરજી દાખલ કરવાનો નિર્દેશ આપ્યો હતો. આ અરજી પર આવતીકાલે બપોરે 2 વાગ્યા પછી સુનાવણી થવાની અપેક્ષા છે.

. . .

# DELHI-DEVI BUS

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ રાજ્યમંત્રી હર્ષ મલ્હોત્રા અને દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ આજે યમુનાપારના ક્ષેત્રોમાં નવા બસ રૂટો પર 300 નવી "દેવી બસોને" લીલીઝંડી આપી રવાના કરાવી હતી.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે આ બસોના સમાવેશ સાથે , દિલ્હી પરિવહન નિગમ હેઠળ કુલ 974 દેવી બસો દોડશે.

(બાઈટ – રેખા ગુપ્તા, મુખ્યમંત્રી)

. . .

# ASIA-CUP-CRICKET

એશિયા કપ ટી-20 ફાઈનલમાં આજે ભારત-પાકિસ્તાન વચ્ચે મુકાબલો થશે . મેચ ભારતીય સમય મુજબ રાત્રે 8 વાગ્યે શરૂ થશે. એશિયા કપના 41 વર્ષના ઇતિહાસમાં આ પહેલીવાર બનશે. જ્યારે બંને ટીમો ફાઇનલમાં એકબીજા સામે ટકરાશે. ભારતે અત્યાર સુધીમાં આઠ વખત એશિયા કપ જીત્યો છે. આ વર્ષે , બંને ટીમો ટૂર્નામેન્ટમાં ત્રીજી વખત એકબીજા સામે ટકરાશે.

. . . . . . . . . .

# CRICKET-BCCI PRESIDENT

દિલ્હીના ભૂતપૂર્વ કેપ્ટન મિથુન મનહાસ, ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ -BCCI ના નવા પ્રમુખ તરીકે ચૂંટાયા છે . આજે BCCI મુખ્યાલય ખાતે યોજાયેલી વાર્ષિક સામાન્ય સભામાં નવા હોદ્દેદારોના નામોને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું હતું.

બોર્ડના 37મા પ્રમુખ બનેલા મનહાસ રોજર બિન્નીની જગ્યા લે શે. 70 વર્ષ પૂર્ણ કર્યા બાદ બિન્નીએ ગયા મહિને પ્રમુખ પદ છોડી દીધું હતું.

. . . . . . . . . .

# WEATHER

હવામાન વિભાગે મહારાષ્ટ્રમાં મુંબઈ, થાણે, રાયગઢ અને પાલઘર જિલ્લામાં ભારે વરસાદ માટે 'રેડ' એલર્ટ જારી કર્યું છે, જે આવતીકાલે સવાર સુધી અમલમાં રહેશે.

થાણે અને પાલઘરમાં છેલ્લા 24 કલાકથી ભારે વરસાદ પડી રહ્યો છે , જેના પરિણામે પાણી ભરાઈ ગયા છે , વીજળી પડી છે અને અનેક ઘરો તૂટી પડ્યા છે. વધુમાં, પ્રદેશના વિવિધ ડેમ છલકાઈ રહ્યા છે.

. . . . .